ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ધોરણ-૧૦-૧૨ની પરીક્ષાનો શાંતિપૂર્ણ પ્રારંભ

## ગેરરીતિનો એક પણ કીસ્સો નહીં : શાળાઓની કચેરીના કમિશ્નર તેમજ જિલ્લા શિક્ષણાધિકારીએ વિદ્યાર્થઓને શુભેચ્છા પાઠવી : વિદ્યાર્થીઓમાં પરીક્ષાલક્ષી ઉત્સુકતા

ગાંધીનગર, તા.૧૩

ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાની શરૂઆત વિદ્યાર્થીઓ માટે એકંદરે વેલ બિગ્નીંગ ઈઝ હાફ ડન જેવી રહી હતી. ગુજરાતી તેમજ ફીઝીકસ વિષયનું પ્રશ્નપત્ર એકંદરે સરળ નીકળતા વિદ્યાર્થીઓએ હાશકારો અનુભવ્યો હતો. પ્રથમ દિવસે પરીક્ષા કેન્દ્રો આસપાસ વિદ્યાર્થીઓ અને વાલીઓની ભીડ વચ્ચે ચક્કાજામની સ્થિતિ જોવા મળી હતી. ધો-૧૦માં જિલ્લામાંથી કુલ ૨૪૦૦૩ વિદ્યાર્થીઓ પૈકી ૨૩૬૬૭ પરીક્ષામાં હાજર રહ્યા હતા. જયારે ૩૩૬ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા. ફીઝીકસમાં પણ ૨૫ સ્ટુડન્ટસની હાજરી ઘટી હતી. સે-૮ સ્થિત સેંટ ઝેવિયર્સ શાળામાં વિકલાંગ વિદ્યાર્થીઓ માટે



અલાયદી બેઠક વ્યવસ્થા ગોઠવવામાં



આવી છે. શાળાઓની કચેરીના કમિશનર મુકેશકુમાર તેમજ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બારડે વિદ્યાર્થીઓને મોં મીઠું કરાવી પરીક્ષાની શુભેચ્છા પાઠવી હતી.

ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાના પ્રારંભે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી. જિલ્લાના ૧૫૫ પરીક્ષા સ્થળો આસપાસ વિદ્યાર્થીઓ અને વાલીઓનો ધમધમાટ જોવા મળ્યો હતો. પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક કરી મોં મીઠું કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળા કચેરીઓના કમિશનર મુકેશકુમાર તેમજ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બારડ સહીત અન્ય અધિકારીઓએ પરીક્ષા કેન્દ્રોની મુલાકાત લીધી હતી. પરીક્ષા કેન્દ્રો બહાર દિવસ દરમિયાન વાલીઓની પણ ભીડ જામી હતી. પરીક્ષા શરુ થવાના અને પૂર્ણ થવાના સમયે ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા. સેંટ ઝેવિયર્સ શાળામાં વિકલાંગ વિદ્યાર્થીઓ માટે અલાયદી બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. શહેરની એક શાળામાં પણ અછબડા અને એલર્જીના બે વિદ્યાર્થીઓની તબિયતને ધ્યાને લઈ જરુરી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. બોર્ડના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાની શરૂઆત ફેવરેબલ રહી હતી. પ્રત્યેક પરીક્ષા કેન્દ્રો પર પશ્ચાતાપ પેટી પણ મુકવામાં આવી હતી. બોર્ડની પરીક્ષાના પ્રથમ દિવસે જિલ્લામાં ગેરરીતીનો એક પણ કેસ નોંધાયો ન હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

## ફીઝીકસમાં દાખલા ફેરવીને પૂછાયા!

### ધોરણ-૧૨માં ફીઝીક્સનું પેપર લેન્ધી જ્યારે ધોરણ-૧૦માં ગુજરાતીના પેપરમાં સ્વામી વિવેકાનંદ અને વૃક્ષનું જતન આબાદ વતન અંગે નિબંધ પૂછાયા : બંને પ્રશ્નપત્રો પુસ્તક આધારિત

ગાંધીનગર, તા.૧૩

ધો-૧૦ ને ૧૨ની બોર્ડ પરીક્ષાનો આજથી શાંતિપૂર્ણ વાતાવરણમાં પ્રારંભ થયો હતો. વિદ્યાર્થીઓની પરીક્ષાલક્ષી ઉત્સુકતા વચ્ચે ધો-૧૦માં ગુજરાતીનું પ્રશ્નપત્ર એકંદરે સરળ અને પુસ્તક આધારિત હતું. જેમાં વૃક્ષનું જતન આબાદ વતન તેમજ સ્વામી વિવેકાનંદ વિષય પર નિબંધ પૂછાયો હતો. ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પણ થિયરીના પ્રશ્નો લેન્ધી અને આંકડાકીય માહિતી ફેરવીને પ્રશ્નો પૂછાતા થોડા અંશે વિદ્યાર્થીઓ મૂંઝાતા હતા સરળ છતાં લેન્ધી પ્રશ્નપત્રમાં દાખલાઓ પણ વિચાર માંગી લે તેવા હતા.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શરુ કરાયેલી ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા પ્રથમ દિવસે પ્રશ્નપત્રની દ્દષ્ટિએ સ્ટાન્ડર્ડ પુરવાર થઈ હતી. ધો-૧૦માં ગુજરાતી વિષયના પ્રશ્નપત્રમાં ભારતીય સંસ્કૃતિના જયોર્તિધર સ્વામી વિવેકાનંદ તેમજ વૃક્ષનું જતન આબાદ વતન અંગે નિબંધ પૂછાયો હતો. એમ.સી.કયુ. થોડા ઘણા અંશે ટવીસ્ટ કરીને પૂછાતા વિદ્યાર્થીઓને તકલીફ પડી હતી પરંતુ પ્રશ્નપત્ર સંપૂર્ણ પાઠયપુસ્તક આધારિત હોવાનું ધ્યાને આવ્યું છે.

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે પ્રથમ દિવસે ભૌતિક વિજ્ઞાનની પરીક્ષા લેવાઈ હતી. વિષય નિષ્ણાંત બળવંતસિંહ રાજપૂતે પ્રશ્નપત્ર અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે થિયરી સેકશનમાં ૨ ગુણના સવાલો વિદ્યાર્થીઓ માટે સમય ખૂટે તેવા લેન્ધી પુરવાર થયા હતા. ૫૦ ગુણના એમ.સી.કયુ. સરળ હતા જયારે સેકશન-બીમાં આંકડાકીય માહિતી ફેરવીને પ્રશ્નો પૂછાયા હતા. જયારે વિચાર માંગી લે તેવા દાખલાના લીધે પરીક્ષાર્થીઓ માટે પેપર લેન્ધી પુરવાર થયું હતું. ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાના પ્રારંભે એકંદરે બંને પ્રશ્નપત્રો પાઠયપુસ્તક આધારિત હોવાથી વિદ્યાર્થીઓએ પણ હાંશકારો અનુભવ્યો હતો.

## પરીક્ષાર્થીની બેકાળજીએ બીજા વાલીને ચિંતીત બનાવ્યા

### કાળજીનું શિક્ષણ એ જ સમયની માંગ

ગાંધીનગર, તા. ૧૩

બોર્ડની પરીક્ષાનો આજથી આરંભ થયો છે. જેમાં પરીક્ષા માટે ઉત્સુક પરીક્ષાર્થીઓ ઉતાવળમાં પોતાની પ્રવેશ રસીદનો પણ ખ્યાલ રાખતા ના હોવાની ચોંકાવનારી ઘટના બહાર આવી છે.

આજે ગાંધીનગર સે. ૨૩માં આવેલ એક ખાનગી શાળામાં શાળાનો



(તસવીર : દિપક જાની)

દરવાજો ખુલતાં જ વિદ્યાર્થીઓએ કરેલ ધક્કામુક્કીને લઈ એક વિદ્યાર્થીની રસીદ પડી જવા પામી હતી. પણ વિદ્યાર્થીનું ધ્યાન તેમાં ન હતુ. એક વાલીની નજર પડતાં તેમણે આ રસીદ લઈ અને જાહેરમાં પ્રદર્શિત કરી સૌને પ્રશ્નો પુછ્યા કે આ કોની રસીદ છે ? કોઈ પ્રત્યુત્તર ના મળતાં તેઓ નિરાશ ના થયા પણ વિદ્યાર્થી કયા પરીક્ષા ખંડમાં છે તેની વિગતો મેળવી.

આ પછી શાળાના આચાર્યનો સંપર્ક કરી વિદ્યાર્થીને તે પહોંચતી કરી અને પછી નિરાંતનો દમ લીધો હતો.

પરીક્ષાર્થીઓએ પણ પરીક્ષા ખંડમાં પ્રવેશ મેળવતા પહેલાં તેમની સાથેની વસ્તુઓ અંગે વિશેષ કાળજી લેવી જોઈએ. આ શાળા કેમ્પસ નજીકથી આવી બે-ત્રણ રસીદો મળી હતી. વાલીઓ પણ તેમના બાળકોને આ બાબતે પુરતી કાળજી રાખવા સલાહ આપે તેવી વાતો શિક્ષણમંત્રીઓમાં થતી સાંભળવા મળી હતી.

આજે આ વાલીએ તો મહેનત કરી અને રંગ રાખ્યો અને વિદ્યાર્થીનું બગડતુ ભાવિ અટકાવી દીધુ પણ કાળજી સાથેનું શિક્ષણ મહત્વનું છે તે હવે શીખવાડવામાં આવે તેવી લાગણી સૌ વાલીઓએ વ્યક્ત કરી હતી.

## સીસીસી+ ની તાલીમ અને પરીક્ષા ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી લેશે

ગાંધીનગર, તા. ૧૩

સીસીસી અને સીસીસી+ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા હવે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી પરીક્ષા સંસ્થા તરીકે લેશે.

કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી અને સીસીસી+ તાલીમ અને પરીક્ષાની કામગીરી સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા અમદાવાદ તથા ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ ગાંધીનગર હસ્તકના આઈ.ટી.આઈ. કેન્દ્રોને માન્ય ગણવામાં આવેલ હતા.

ત્યારબાદ સમયાંતરે કમ્પ્યુટર કૌશલ્યની સીસીસી અને સીસીસી+ પરીક્ષા અને તાલીમનો વ્યાપ વધારવા અંગેના હુકમો કરવામાં આવેલ હતા. આ ઉપરાંત કમ્પ્યુટર કૌશલ્યની ત્રીપલ સી અને ત્રીપલ સી+ ની પરીક્ષા માટે સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા અને આઈ.ટી.આઈ. ઉપરાંત ગુજરાત ટેકનિકલ પરીક્ષા બોર્ડને પરીક્ષા સંસ્થા તરીકે માન્ય ગણવામાં આવેલ હતા.

શિક્ષણ વિભાગ દ્વારા ટેકનિકલ પરીક્ષા બોર્ડ ગાંધીનગરના તમામ કર્મચારીઓને ફાજલ કરવા બાબતે તથા નાણા વિભાગની સૂચના અનુસાર સદરહુ તમામ કર્મચારીઓ અન્ય ખાતાઓમાં પ્રતિનિયુક્ત કરાતા હવે ટેકનિકલ પરીક્ષા બોર્ડ ગાંધીનગર પાસે મહેકમ નથી.

● અનુસંધાન પાન-૭ પર



ખજૂર-ધાણી : હોળીના આગમનના પગલે આજકાલ બજારમાં ખજૂર-ધાણીના ઢગ ખડકાયા છે... ભારતીય સંસ્કૃતિમાં હોળીના પર્વે હોળી પ્રાગટ્ય સુધી ઉપવાસ કરવાની પરંપરા છે... ઉપવાસ દરમિયાન ખજૂર-ધાણી ખાય શકવાનું પ્રાવધાન છે.... એટલે ખજૂર-ધાણીનું બજાર હોળાષ્ટકમાં ધમધમતુ રહે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

## જાહેરમાં કચરો બાળવાની કામગીરી કેમ અટકતી નથી : પ્રવિણ પટેલ

### મનપાના અધિકારીઓ સૂચનાઓ ઘોળી પી જાય છે મોનીટરીંગમાં કચાશને લઈ આક્રોશ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં જાહેરમાં કચરો બાળવો નહિ તેવી વારંવારની સૂચનાઓ પછી પણ મનપાના તંત્ર એકત્ર થતો કચરો જીઈબીના કોતરોમાં જે રીતે સળગાવવામાં આવી રહ્યો છે અને તેને કારણે વાહનચાલકોને પડતી મુશ્કેલીઓ તેમજ વસાહતીઓની વારંવાર સુચનાઓ આપી કચરો સળગાવવો નહિ તેમ જણાવાયુ છે. પણ આ કામગીરી અટકતી નથી તેથી આપની મોનીટરીંગ સિસ્ટમમાં શુ ખામી છે તે



દ્વારા કરવામાં આવી રહેલી આવી પ્રવૃત્તિ સામે સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણ પટેલે સખ્ત નારાજગી વ્યક્ત કરી લેન્ડફિલ્ડ સાઈટ ડેવલપ કરવાની થયેલ કામગીરીની વિગતો કમિશ્નરશ્રી પાસે માંગી છે.

મ્યુનિ. કમિશનરશ્રીને આજે તેમણે લખેલા એક પત્રમાં શહેરમાંથી વિટંબણા અંગે ચિંતા વ્યક્ત કરી છે.

તેમણે તેમના આ પત્રમાં ડોર ટુ ડોર કલેકશન સિસ્ટમ દ્વારા કચરાનું એકત્રિકરણ કરી પરિવહન કરી વૈજ્ઞાનિક પદ્ધતિસર એમ.ઓ.ઈ.એફ.ની ગાઈડલાઈન મુજબ તેનો નિકાલ કરવા માટે શું પગલાં લેવાયા તેની વિગતો પણ માંગી છે.

તેમણે તંત્રના આપની કક્ષાએથી ચકાસવા પણ જણાવ્યું છે.

તેમણે જણાવ્યું છે કે લેન્ડફીલ સાઈટ વૈજ્ઞાનિક રીતે ડેવલોપ ન કરવાના કારણે કચરો જાહેરમાં સળગાવી કાર્બન મોનોકસાઈડ અને કાર્બન ડાયોકસાઈડ હવામાં ઉત્પન્ન કરી હવામાં રહેલા ઓઝોનના પડને નુકશાન થઈ રહ્યું છે. કોર્પોરેશન દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

## ...ને સ્નીફર ડૉગ પહેલા કિશારીના ઘરના આંગણે જ ગયો હતો

### ડૉગ મૃતક કિશોરીના ઘરે અને તેની પાછળ રહેતા સંબંધીના ઘરે પણ ફરતાં પોલીસ ગુંચવાઈ..!

ગાંધીનગર, તા. ૧૩

ધોળાકુવાની કિશોરીની હત્યા કરી કોથળામાં બાંધીને લાશ ફેંકી દેવાયેલી હાલતમાં મળ્યાની ચકચારી ઘટનામાં પોલીસ ગુંચવાઈ ગઈ છે. બનાવ સ્થળે પહોંચેલી ડૉગ સ્કવોર્ડનો સ્નીફર



ડૉગ ડેડ બોડી સુંઘીને સીધો તેણીના જ ઘરે પહેલો ગયો હતો અને ત્યારબાદ પાછળ રહેતા તેણીના સંબંધીના ઘરે ડૉગ ફર્યો હતો. આ ઘટનામાં પોલીસે તે દિશામાં પણ ઝીણવટભરી તપાસ આરંભી છે.

ધોળાકુવાની ૧૫ વર્ષની કિશોરી આશાની હત્યામાં નવો વળાંક આવ્યો છે. પોલીસે હત્યાની તપાસ આરંભી ત્યારથી જ હત્યા પાછળ કોઈ જાણભેદુ શખ્સ હોવાની શંકાને આધારે તપાસ ચલાવી છે. ત્યારે હત્યા કરીને કિશોરીને જ્યાં ફેંકી દેવાઈ હતી ત્યાં ઘટનાસ્થળે પહોંચેલી ડૉગ સ્કવોર્ડનો સ્નીફર ડૉગ બોડી સુંઘીને સીધો મૃતક કિશોરીના ઘરે અને ત્યાર બાદ ધોળાકુવામાં જ તેણીના સંબંધીના ઘર તરફ દોડ્યો હતો. પોલીસ હવે આ પ્રકરણમાં ગુંચવાઈ ગઈ છે. જો કે બે શક્યતાઓ સ્નિફર ડૉગના તે દિશામાં જવા પાછળ હોઈ શકે છે. પોલીસ ચાર કલાક મોડી પહોંચી હતી તેથી ત્યાં સુધીમાં પરિવારજનો તથા સગા સંબંધીઓએ મૃતદેહ જ્યાંથી મળ્યો ત્યાંથી ઘર સુધી અવરજવર કરી હોય અને બીજી શક્યતા તેમનો કોઈનો હાથ હોય તે પણ બની શકે છે. પોલીસ આ બન્ને બાબતોને લઈને ગુંચવાઈ ગઈ છે અને તપાસ ચલાવી રહી છે.

## નરેન્દ્ર મોદી ગુજરાતની કોઈ એક બેઠક પરથી લડી શકે છે

### અમદાવાદ-પૂર્વની બેઠક માટે મોદીના નામની ચર્ચા : ભાજપના પ્રદેશ મહામંત્રી વિજય રૂપાણીનો સ્પષ્ટ સંકેત અડવાણી-મોદીની ઉમેદવારી સંદર્ભે ટૂંકમાં નિર્ણય કરાશે

ગાંધીનગર, તા.૧૩

ભાજપના પ્રદેશ મહામંત્રી વિજય રૂપાણીએ આજે પત્રકારો સાથેની અનૌપચારિક વાતચીત દરમ્યાન જણાવ્યું હતું કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતના કોઈપણ એક બેઠક પરથી ચૂંટણી લડશે. અલબત્ત અડવાણી અને નરેન્દ્ર મોદીની ઉમેદવારી અંગે પક્ષની કેન્દ્રિય નેતાગીરી જ નિર્ણય લેશે.

રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે જયાં સુધી ગુજરાતની ૨૬ બેઠકોનો સવાલ છે ત્યાં સુધી હજુ એક પણ બેઠક માટે કોઈ ઉમેદવારની પસંદગી થઈ નથી. ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા માટે ભાજપની પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકનાં વધુ એક તબક્કે હોળી પછી શરૂ થશે. ગુજરાતમાં ૩૦મી એપ્રિલે ૭માં તબક્કામાં મતદાન થવાનું હોવાથી પક્ષને ઉમેદવારોની પસંદગી કરવામાં હાલમાં કોઈ ઉતાવળ નથી. ગાંધીનગર અને અમદાવાદ પૂર્વની લોકસભાની બેઠક માટે નીરિક્ષકની ભૂમિકા અદા કરનાર વિજય રૂપાણીએ આ અગાઉ નરેન્દ્ર મોદી અમદાવાદ પૂર્વની બેઠક પરથી ચૂંટણી લડશે તેવી શક્યતા દર્શાવી હતી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે અમદાવાદ પૂર્વના સાંસદ હરિન પાઠકે પક્ષને અગાઉથી જ જણાવી દીધું છે કે જો નરેન્દ્ર મોદી અમદાવાદ પૂર્વની બેઠક પરથી ચૂંટણી લડવા ઈચ્છતા હોય તો તેઓ આ બેઠક પરથી પોતાની દાવેદારી જતી કરવા તૈયાર છે. અમદાવાદ પૂર્વની બેઠકના સંદર્ભમાં સર્જાયેલા વિવાદ વચ્ચે હરિન પાઠક અને અડવાણી વચ્ચે તાજેતરમાં થયેલી એક કલાક લાંબી બેઠક બાદ હરિન પાઠકે પત્રકારોને એવો ઈશારો કર્યો હતો કે પક્ષે તેમનો સંપર્ક કરી નરેન્દ્ર મોદીને અમદાવાદ-પૂર્વની બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડાવવા પક્ષ ઈચ્છે છે તેમ જણાવ્યું હતું. દરમિયાન વડોદરા અને સુરતના ભાજપના કાર્યકરોએ અને સ્થાનિક એકમોએ નરેન્દ્ર મોદી તેમને ત્યાંથી ચૂંટણી લડે તેવી માંગણી કરી છે. મોદી વડોદરાથી ચૂંટણી લડે તો મધ્ય ગુજરાતની અન્ય બેઠકો પર તેની સીધી અસર પડી શકે અને તેવી જ રીતે સુરતના કાર્યકરોએ પણ લાગણી દર્શાવી છે.

## આચારસંહિતાના નામે રાજકીય કિન્નાખોરીની તંત્ર સામે ફરિયાદ

### એક જ નગરમાં આચારસંહિતાના અમલ માટે બેવડા ધોરણ સામે કોંગી કાઉન્સીલર શૈલેન્દ્રસિંહ બિહોલાનો આક્રોશ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગરપાલિકાના કોંગી કાઉન્સીલર શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ આજે એક નિવેદનમાં આચારસંહિતાના નામે સભ્યોએ સૂચવેલા વિકાસના કામો બંધ કરી દેવાના કમિશનરના નિર્ણયને લઈ ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે.

શ્રી બિહોલાએ જણાવ્યુ છે કે નવેમ્બર ડિસેમ્બરમાં સુચવાયેલા કામો બંધ કરવાની વાત આચારસંહિતા સાથે જોડવાનો આ પ્રયાસ યોગ્ય નથી.

તેમણે જણાવ્યુ છે કે શહેરમાં જો માર્ગ સુધારણાનું કામ ચાલી શકતું હોય તો સભ્યોએ સૂચવેલા કામો કેમ ના થઈ શકે. પાટનગરમાં જ આચારસંહિતાના મુદ્દે આવા બેવડા માપદંડ કેમ અપનાવવામાં આવી રહ્યા છે તે સમજી શકાતુ નથી.

શ્રી બિહોલાએ જણાવ્યુ છે કે સભ્યોને ફાળવવામાં આવતી વિકાસ કામની ગ્રાન્ટ માર્ચમાં પૂર્ણ થઈ જતી હોય છે. તેમના કિસ્સામાં ૨૬ સોલાર લાઈટો લગાવવાની કામગીરી સૂચવવામાં આવી હતી. આ પૈકી કેટલીક લાઈટો લગાવી દેવામાં આવી છે જ્યારે બાકીની લાઈટો અંગે વારંવાર ઉઘરાણી કરવા છતાં તંત્રના અધિકારીઓ દ્વારા પ્રત્યુત્તર પણ ઉડાઉ આપવામાં આવી રહ્યા છે.

તેમણે જણાવ્યુ છે કે તંત્રના અધિકારીઓ રાજકીય કિન્નાખોરી રાખી આવુ વલણ અખત્યાર કરી રહ્યા છે. વર્કઓર્ડર અપાઈ ગયો હોય તો આવા કામ બંધ કરી શકાતા નથી પરંતુ અમારૂ કામ રખડાવવાના હેતુસર જ આચારસંહિતાના નામે કિન્નાખોરી દાખવવામાં આવી રહી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા પાસે સફાઈ સિવાયની કોઈ સેવા નથી. ત્યારે સભ્યોએ સૂચવેલા વિકાસના કામોને ખોરંભે પાડવાની નીતિ અયોગ્ય છે અને તંત્ર આરામ પર ગયુ હોય તેવુ લાગે છે.

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre) Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ




શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com